# જાહેર નિવિદા

## મ.ભો.યો. હેઠળ ૧૧ માસ કરાર આધારિત જગ્યાની જાહેરાત

મધ્યાહન ભોજન યોજના, કલેક્ટર કચેરી, ગાંધીનગર દ્વારા નીચેની ૧૧ માસ માટે કરારી જગ્યા માટેઅરજીઓ મંગાવવામાં આવે છે.આ જાહેરાતની અગત્યની વિગતો શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, મહેનતાણું, અરજી ફોર્મ, તથા અન્ય વિગતો કલેક્ટર કચેરી, ગાંધીનગરની વેબસાઇટ https://gandhinagar.gujarat.gov.in ઉપર જોવા મળશે. જાહેરાતની વિગતો વેબસાઇટ પર જોયા બાદ અરજી કરવી.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | માસિક મહેનતાણું |
|---|---|---|---|---|
| ૧ | **જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર** | ૧ | માન્ય યુનિવર્સિટીમાંથી ૫૦% ગુણ સાથે સ્નાતકની પદવી. | રૂ|.૧૦૦૦૦/- ફિક્સ |
| ૨ | **તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝર** | ૪ | માન્ય યુનિવર્સીટી માંથી ગ્રેજ્યુએટ ઇન હોમ સાયન્સ/ફુડ એન્ડ ન્યુટ્રીશન / સાયન્સની ડીગ્રી. | રૂ|.૧૫૦૦૦/- ફિક્સ |

➢ આ જગ્યા પ્રોજેક્ટ પુરતી છે. ૧૧ માસ બાદ આપોઆપ કરારનો અંત આવશે.

અરજી ફોર્મ તથા નિમણૂંક માટેની લાયકાત અને શરતો નાયબ કલેક્ટર, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, જિલ્લા સેવા સદન, બીજો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગરમાંથી જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી તા.૦૬/૦૬/૨૦૧૯ (જાહેર રજા સિવાય) સુધીમાં બપોરે ૧૧.૦૦ થી ૧૩.૦૦ વચ્ચે નાયબ કલેક્ટર (મ.ભો.યો.) કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે. અરજી ફોર્મની તમામ વિગતો ભરીને તા.૨૦/૦૬/૨૦૧૯ના રોજ ૧૭.૦૦ કલાક સુધી R.P.A.D. થી અત્રેની કચેરીને મળે તે રીતે મોકલી આપવા. અરજી પત્રકની વિગતો સાચી જ ભરવી. અરજી પત્રક સાથે કોઇ માર્કશીટ કે પ્રમાણપત્ર જોડવા નહી.

**નોંધઃ-** માન. કલેક્ટરશ્રીની નોંધ પરની મંજુરી

**સ્થળઃ- ગાંધીનગર**
**તારીખઃ- /૦૫/૨૦૧૯**

**સહી/-**
**નાયબ કલેક્ટર,**
**મધ્યાહન ભોજન યોજના,**
**ગાંધીનગર**

# નાયબ કલેક્ટર, મધ્યાહ્ન ભોજન યોજના,ગાંધીનગર

**બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર.**

(૧) પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર: માસિક વેતન રૂ|.૧૦,૦૦૦/-

શૈક્ષણિકલાયકાતઃ-
(૧) માન્ય યુનિવર્સિટીમાંથી ૫૦% ગુણાંકન સાથેની સ્નાતકની પદવી.
(૨) સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ તેમજ ઉમેદવારના કોમ્પ્યુટર જ્ઞાનની ચકાસણી પ્રેક્ટીકલ ટેસ્ટ લઇને કરવાની રહેશે.
(૩) માન્ય યુનિવર્સિટીમાંથી એમ.સી.એ.ની ડીગ્રીવાળાને અગ્રીમતા

અનુભવઃ-
(૧) ડેટાએન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ ફરજીયાત.
(૨) ડી.ટી.પી.(ડેસ્કસ્ટોપ પબ્લિકેશન) ઓપરેટર તરીકેનો અનુભવ આદર્શ ગણાશે.
(૩) આસિસ્ટન્ટ તરીકેનો વહીવટી અનુભવ ધરાવનારને અગ્રીમતા.
(૪) મધ્યાહ્ન ભોજન યોજનાના અનુભવધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવે છે.

વયમર્યાદાઃ-
(૧) અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી કે ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

ફરજ/બજાવવાની કામગીરીઃ-
(૧) મધ્યાહ્ન ભોજનના સુચારૂ આયોજન માટેના રીપોર્ટ તૈયાર કરવા
(૨) તાલુકા કક્ષાએ માહીતી મેળવવી તેનું એકત્રીકરણ કરવું અને રાજ્ય કક્ષાએ રજુ કરવું.
(૩) ક્વાર્ટલી પ્રોગ્રેસ રીપોર્ટ તૈયાર કરવા અને રાજ્ય કક્ષાએ રજુ કરવા
(૪) માસિક પત્રકો (લાભાર્થી, ખર્ચ, દૂધ, સુખડી, મહેકમનના લગતા કેન્દ્ર કક્ષાના માનદ વેતન ધારકો અંગેની માહીતી વિગેરે) તૈયાર કરવી.
(૫) મધ્યાહ્ન ભોજન યોજના અંગેની સોંપવામાં આવેલ તે તમામ કામગીરી.
(૬) નાયબ કલેક્ટર, મ.ભો.યો. દ્વારા સોપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી.

# નાયબ કલેક્ટર, મધ્યાહ્ન ભોજન યોજના,ગાંધીનગર

**બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર.**

(૨) તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝર: માસિક વેતન રૂ|.૧૫,૦૦૦/-

શૈક્ષણિકલાયકાતઃ- (૧) માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ ઇન હોમ સાયન્સ / ફુડ એન્ડ ન્યુટ્રીશન/ સાયન્સની ડીગ્રી.

(૨) ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેક્ટીકલ ટેસ્ટ લઇને કરવાની રહેશે.

અનુભવઃ- (૧) ૨ થી ૩ વર્ષનો વહીવટી કામગીરીનો અનુભવ

(૨) મધ્યાહ્ન ભોજન યોજનાના અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

વયમર્યાદાઃ- (૧) અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી કે ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

ફરજ/બજાવવાની કામગીરીઃ- (૧) નાયબ મામલતદાર/કેળવણી નિરીક્ષક (મ.ભો.યો.) ની તમામ કામગીરી બજાવવાની રહેશે.

(૨) મધ્યાહ્ન ભોજન યોજના, દૂધ સંજીવની યોજના, સુખડી, આદિજાતિ બાળાઓના વાલીઓને વિના મૂલ્યે અનાજ યોજના યોજાનાનું સુચારૂ સંચાલન/ નિયંત્રણ કરવું.

(૩) મધ્યાહ્ન ભોજન કેન્દ્રોની તપાસણી કરવી.

(૪) મ.ભો.યો.ના રીપોર્ટ તૈયાર કરવા અને જિલ્લા કક્ષાએ રજુ કરવા

(૫) માસિક પત્રકો (લાભાર્થી, ખર્ચ, દૂધ, સુખડી, મહેકમનના લગતા કેન્દ્ર કક્ષાના માનદ વેતન ધારકો અંગેની માહીતી વિગેરે) તૈયાર કરવી.

(૫) મધ્યાહ્ન ભોજન યોજના અંગેની સોંપવામાં આવેલ તે તમામ કામગીરી.

(૬) નાયબ કલેક્ટર, મ.ભો.યો. દ્વારા સોપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી.

## ૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી / માનદ વેતનથી નિમણુંકો અંગેની બોલીઓ અને શરતો

(૧) શ્રી...............................................................................ને કરારના સમયગાળા દરમિયાન રૂા................../-ના માસિક ફીક્સ પગાર/માનદ વેતન મળશે. તેઓની નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત૧૧ માસની રહેશે.

(૨) ઉભયપત્રે એક માસની નોટીસ અથવા એક માસની ફીક્સ પગારની રકમ/ માનદ વેતન સાથેની નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફીક્સ પગાર / માનદ વેતન પર કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૪) કરાર સમયગાળા દરમિયાન શ્રી...........................................................................ને ફીક્સ પગાર / માનદ વેતન માં કોઇપણ પ્રકારનો વધારે કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમિયાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૬) કરારના સમયગાળા દરમિયાન બજાવેલ સેવા / નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

(૭) કરારના સમયગાળા દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીક્સ પગાર / માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એક્સગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૮) શ્રી ...........................................................................ને સમાન વર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેની ફરજો બજાવવાની રહેશે, તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકાશે નહીં.

(૯) શ્રી.....................................................................ને કરારના સમય દરમિયાન વાર્ષિક ધોરણે ૧૧ પરચૂરણ રજા મળવાપત્ર થશે અન્ય કોઇ રજા મળવાપાત્રરહેશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસનો પગાર કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીને પ્રસુતિની રજાનું વેતન ચૂકવી શકાશે નહીં.

(૧૦) શ્રી...........................................................ને કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૧) ફરજના ભાગરૂપે મુખ્યમથકથી આઠ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂા.૧૫/- અને ૧૨ કલાકથી વધુ સમય માટે રૂા.૩૦/- દૈનિક

ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ / રેલવેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

(૧૨) કરારના સમયગાળા દરમિયાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કીથાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીક્સ પગાર / માનદ વેતનમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણૂંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહીં.

(૧૬) કરાર આધારીત ઉચ્ચક વેતનથી / માનદ વેતનથી નિમણૂંક પામેલ વ્યક્તિ સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહીં.

(૧૭) ઉપરોક્ત શરતો નિમણૂંક પામનાર વ્યક્તિને સ્વિકાર્ય છે. તે અંગેનું સંમત્તિપત્ર મેળવવાનું રહેશે.

(૧૮) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૯) આ કરાર આધારીત ફરજ ઉપર જોડાતાં પહેલાં શારિરીક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨૦) કરારથી ફીક્સ પગારથી / માનદ વેતનથી જોડાનાર વ્યક્તિને કરાર કરવાનું સ્વિકારતાં પહેલાં તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એક્સીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વીમાના પ્રિમિયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહીં.

(૨૧) ઠરાવની જોગવાઇ મુજબ જો નિયમિત કર્મચારીની નિમણૂંક કરવામાં આવશે તો તે જગ્યા રદ થશે અને મારી નોકરીનો અંત થશે તે બાબતે કોઇપણ દિવાની કે કાયદાકીય કાર્યવાહી કરીશું નહીં તેની અમો બાંહેધરી આપીએ છીએ. તેમ છતાં આવી કોઇ કાર્યવાહી કરવામાં આવે તે અમારી નિમણૂંક આપોઆપ રદ થવાને પાત્ર છે.